મુજફ્ફરનગરમાં પુનઃ કોમી હિંસા ભડકી

મુજફ્ફરનગર,તા. ૩૧

ઉત્તરપ્રદેશના કોમી હિંસાના મામલે અતિ સંવેદનશીલ ગણાતા મુજફ્ફરનગરમાં ફરી વ્યાપક અથડામણ અને સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠતાં ઉત્તરપ્રદેશ સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. બુધવારે મોડી રાત્રે મુજફ્ફરનગર જિલ્લાના બુધના વિસ્તારમાં નવેસરથી સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠ્યા બાદ ચાર લોકોના મોત થઈ ગયા હતા. આઠ લોકોની આ સંબંધમાં ધરપકડ કરવામાં આવી છે. કોમી હિંસાના સંબંધમાં ૧૫ લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે. અર્ધલશ્કરી દળો સંવેદનશીલ અને તંગ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા છે. વહીવટીતંત્રએ કોઈપણ અનિચ્છનીય બનાવને ટાળવા વિસ્તારમાં કલમ-૧૪૪ લાગ કરી છે.

અત્રે નોંધનીય છે કે, હવે બે પાડોશી ગામોના લોકો વચ્ચે થયેલી હિંસક અથડામણમાં ચાર લોકોના મોત થયા બાદ વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે. હિંસા બાદ સમગ્ર વિસ્તારોમાં વધારાના જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે અને સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. મુજફ્ફરનગરમાં થોડાક દિવસ પહેલા જ ૬૦ લોકોના મોત થયા હતા. ભોરાકલા પોલિસ સ્ટેશન વિસ્તારમાં બે સમુદાય વચ્ચે અથડામણ બાદ બન્ને તરફથી ગોળીબાર થયો હતો. જેમાં હુસેનપુર કલાગામના ત્રણના મોત થયા હતા. આસપાસના જિલ્લાઓમાંથી પણ ફોર્સ તેનાત કરવામાં આવી છે. બીજી ઘટના ફુગાના ક્ષેત્રના હસનપુર ગામમાં થઈ હતી. જ્યાં દંપત્તિ ઉપર કેટલાક લોકોએ ગોળીબાર કર્યો હતો. જેમાં એક મહિલાનું મોત થયું હતું.

સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે હિંસાની પ્રથમ ઘટના ગઈકાલે મોડી સાંજે હુસૈનકલા ગામ અને મોહમ્મદપુર ગામમાં થઈ હતી. મુજફ્ફરનગરથી આશરે ૩૫ કિલોમીટરના અંતરે સ્થિત મોહમ્મદપુર રોડ પર અથડામણ થઈ હતી. અહેવાલમાં જણાવાયું ચે કે મોહમ્મદપુર ગામનો એક યુવાન રાજેન્દ્ર હુસૈન કલા ગામના એક જુથ સાથે થયેલી અથડામણમાં ઘાયલ થયો હતો. ત્યારબાદ ઘાયલ થયેલા યુવાને તેના ગામ વાળા સાથે મળીને જવાબી હુમલો કર્યો હતો. આ અથડામણમાં ત્રણલોકો માર્યા ગયા હતા અને પોલીસે આ મામલે ત્રણ લોકોની ધરપકડ કરી છે. કેટલાક હથિયારો પણ કબ્જે કર્યા છે. ભૌરાકલા પોલીસ સ્ટેશનના ઇનચાર્જ ઓપી ચૌધરીએ કહ્યુ છે કે બન્ને ગામના કેટલાક લોકો વિવાદ બાદ હિંસા પર ઉતરી આવ્યા હતા અને એકબીજાને ટાર્ગેટ બનાવ્યા હતા. હિંસા સાંપ્રદાયિક છે કે કેમ તે સંબંધમાં પોલીસે માહિતી આપી નથી પરંતુ જાણકાર લોકોના કહેવા મુજબ કોમી અથડામૅણ હતી. મુજફ્ફનગરમાં તાજેતરમાં વ્યાપક કોમી હિંસા ભડકી ઉઠી હતી. જેમાં ૬૦થી વધારે લોકો માર્યા ગયા હતા.

હિંસાના કારણે લાખો લોકોને અસર થઈ હતી. મુજફ્ફરનગરના આસપાસના ક્ષેત્રમાં પણ રમખાણોના સંકજામાં આવી ગયા હતા. પોલીસે સાવચેતીના પગલારૂપે સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી છે. કોમી હિંસામાંહજારો લોકો બેઘર થઈ ગયા હતા. હિંસાના શિકાર કેટલાક લોકો હજુ રાહત કેમ્પમાં છે.

પટણા બ્લાસ્ટ : શકમંદ થાપ આપી પલાયન થતાં ચકચાર

મુજફ્ફરપુર,તા.૩૧

સુરક્ષાતંત્રને મોટો ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં પટણા સિરીયલ બ્લાસ્ટ કેસમાં મુખ્ય શકમંદ મહેર અલમ આજે

એનઆઈએની કસ્ટડીમાંથી ફરાર થઈ ગયો હતો. મુજફ્ફરપુર સ્ટેશન નજીક પૂછપરછ દરમિયાન તે એનઆઈએના અધિકારીઓને થાપ આપીને ફરાર થયો હતો. મુજફ્ફરપુરમાં લોજની બહારથી આ શકમંદ ફરાર થઈ ગયા બાદ તેને પકડી પાડવા શોધખોળ હાથ ધરાઈ છે પરંતુ આના કારણે એનઆઈએની પ્રતિષ્ઠાને પણ મોટો ફટકો પડ્યો છે. ૨૫ વર્ષીય અલમની અગાઉ દરભંગામાંથી ધરપકડ કરવામાં આવી હતી.

પટણામાં સિરીયલ બ્લાસ્ટ માટે જવાબદાર લોકોને પકડી પાડવા બિહારમાં જુદી-જુદી જગ્યાઓએ દરોડા પાડવામાં આવ્યા ત્યારે તે ઝડપાઈ ગયો હતો. સિરીયલ બ્લાસ્ટમાં છ લોકોના મોત થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પટણાના ગાંધીમેદાનમાં રવિવારની રેલી દરમિયાન એક પછી એક સાત બ્લાસ્ટ થયા હતા. સાતમો બ્લાસ્ટ રેલવે સ્ટેશન પર થયો હતો. એનઆઈએના અધિકારીઓ દ્વારા દિલ્હીથી ઝડપાઈ ગયેલા અન્ય આતંકવાદી મોહમ્મદ આફતાબના મુજફ્ફરપુર આવાસ ઉપર તપાસ હાથ ધરી હતી. ફરાર થયેલા ત્રાસવાદીઓની ઊંડી શોધખોળ ચાલી રહી છે.એનઆઈએ દ્વારા બ્લાસ્ટ અંગે માહિતી આપનારને ઈનામ આપવાની જાહેરાત પણ કરી છે. આવી સ્થિતિમાં પટણા બ્લાસ્ટનો શકમંદ પૂછપરછ દરમિયાન ફરાર થઈ જતા અધિકારીઓની તીવ્ર બેદરકારી સપાટી પર આવી છે. પટણા બ્લાસ્ટના મામલામાં દેશના અન્ય ભાગોમાં પણ દરોડા પાડવામાં આવી રહ્યા છે. જોકે આ સંબંધમાં હજી કોઈ ઉલ્લેખનીય સફળતા હાથ લાગી નથી.

જેઠમલાણીના દાવા સંદર્ભે અંતે ભાજપ બોર્ડને સમન્સ

નવી દિલ્હી,તા. ૩૧

દિલ્હી હાઈકોર્ટે ૨૮મી મેના દિવસે પક્ષમાંથી તેમની હકાલપટ્ટીના મામલે વરીષ્ઠ વકિલ રામ જેઠમલાણી દ્વારા દાખલ કરવામાં આવેલા નાગરીક બદનક્ષીના કેસના મામલે ભાજપ અને તેના સંસદીયબોર્ડના સભ્યો સામે આજે સમન્સ જારી કર્યો હતો. જેઠમલાણીએ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને હાલમાં અસ્વસ્થ થયેલા અટલ બિહારી વાજપેયી સિવાય બોર્ડના સભ્યો પાસેથી સંયુક્ત રીતે ૫૦ લાખના વડતરની માંગ કરી છે. બોર્ડના નિર્ણયને અયોગ્ય ઠેરવવાનો પણ અનુરોધ રામ જેઠમલાણીએ કર્યો છે. દિલ્હી હાઈકોર્ટના જોઈન્ટ રજીસ્ટ્રાર હિમાની મલ્હોત્રાએ કહ્યું છે કે, ભાજપ અને તેના સંસદીય બોર્ડના સભ્યો સામે સમન્સ જારી કરવામાં આવ્યા છે. ભાજપ અને તેના સભ્યોને ૩૦મી જાન્યુઆરી સુધી તેનો જવાબ આપવા સૂચના આપવામાં આવી છે. જેઠમલાણી તરફથી ઉપસ્થિત થયેલા વકીલ અશોક અરોરાએ કોર્ટ સમક્ષ કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને મજબૂત રીતે ટેકો આપે છે. બોર્ડના સભ્યોએ તેમની હકાલપટ્ટી કરી હતી. કારણકે, પક્ષમાં કેટલાક એવા સભ્યો હતા જે વડાપ્રધાન બનવા ઈચ્છુક હતા. અરોરાએ કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને ટેકો આપે છે. અન્ય બોર્ડના સભ્યો સામે જેઠમલાણી નાખુશ દેખાઈ રહ્યા હતા. જેઠમલાણીએ એવો આક્ષેપ કર્યો છે કે, તેમની હકાલપટ્ટી કરવાનો નિર્ણય ખોટા ઈરાદા સાથે હતો. આ કારણસર તેઓ વિરોધ ધરાવે છે. યોગ્ય સિદ્ધાંતોનું પાલન કરવામાં આવ્યું નહતું અને હકાલપટ્ટી કરવામાં આવી હતી. રામ જેઠમલાણી હવે જંગી વળતરની માંગ કરી રહ્યા છે. જેઠમલાણી ઘણા સમયથી નરેન્દ્ર મોદીની દાવેદારીને ટેકો આપી રહ્યા હતા. આ દાવામાં પણ આનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હવે ભાજપ અને તેના સભ્યોને ૩૦મી જાન્યુઆરી સુધી તેમનો જવાબ દાખલ કરવો પડશે ત્યારબાદ વધુ કાર્યવાહી થશે.

જાન્યુઆરી માસમાં ઈન્ડેક્સ ૨૨૦૦૦ સુધી પહોંચી જશે

મુંબઇ,તા. ૩૧

આગામી વર્ષે જાન્યુઆરી માસ સુધી સેન્સેક્સ ૨૨૦૦૦ની સપાટીને સ્પર્શ કરે તેવી શક્યતા દેખાઇ રહી છે. શેરબજાર સાથે જોડાયેલા કારોબારીઓ અને રોકાણકારો માટે આ ખુબ સારા સમાચાર છે. શેરબજારમાં તીવ્ર તેજી રહેવાના સંકેત દેખાઇ રહ્યા છે. સેન્સેક્સ નવા વર્ષમાં ૨૨૦૦૦ની સપાટીને સ્પર્શી જશે. ટોચની ૧૪ બ્રોકિંગ કંપનીઓને આવરી લઇને હાલમાં કરવામાં આવેલા નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્થિતી ખુબ સારી રહી શકે છે. સેન્સેક્સ ઓલ ટાઇમ હાઇ સપાટીએ પહોંચ્યા બાદ હવે તેમાં ૨૨૦૦૦ની સપાટી જોવા મળી શકે છે. પોલમાં ભાગ લેનાર કંપનીઓ પૈકી ૫૪ લોકો લોકોએ આ પ્રતિક્રિયા આપી હતી. તાજેતરની તેજીને ધ્યાનમાં લઇને રીટેલ રોકાણકારો જે અગાઉ મુડી બજારમાં નાણાં રોક્વાથી દુર ભાગી રહ્યા હતા તે ફરી સક્રિય થયા છે. રીટેલ રોકાણકારો સેના અને રીયલ એસ્ટેટમાં રોકાણ કરી રહ્યા હતા. રીઝર્વ બેંકના આંકડામાં પણ કહેવામાં આવ્યું છે કે ભારતમાં ૫૦ ટકા પરિવાર સોના અને રીયલ એસ્ટેટમાં નાણાં રોકે છે. ઇક્વિટી માર્કેટ રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચી શકે છે,. બ્રોકરોનુ કહેવુ છે કે સોફ્ટવેર કંપનીઓ અને દવા બનાવતી કંપનીઓ મોટા ભાગે યોગ્ય રોકાણ કરે છે.

આ વર્ષે બીએસઇ આઇટી ઇન્ડેક્સમાં ૪૮ ટકા સુધીનો વધારો થઇ ચુક્યો છે. જ્યારે બીએસઇ હેલ્થકેર ઇન્ડેક્સમાં ૧૭ ટકાનો વધારો થયો છે. જો કે બેન્કેક્સમાં ગયા વર્ષ ૧૧ ટકાનો ઘટાડો થયો હતો. જોખમ લેનાર રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડ મારફતે માર્કેટમાં એન્ટ્રી કરી શકે છે. છેલ્લા બે મહિનાના ગાળામાં વિદેશી રોકાણકારોએ ચાર અબજ ડોલરનુ રોકાણ કર્યુ છે. ઓગષ્ટ મહિનામાં ડોલરની સામે રૂપિયો એક વખતે રેકોર્ડ ૬૮.૮૩ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. જેથી ઇક્વિટી માર્કેટની હાલત કફોડી બની ગઇ હતી. શેરબજારને લઇને હાલમાં રોકાણકારો આશાસ્પદ બનેલા છે.

કાશ્મીર ખીણમાં સિઝનની પ્રથમ હિમવર્ષા

ગુલમર્ગ માયનસ ૨, લેહમાં માયનસ ૧.૮

શ્રીનગર,તા.૩૧

કાશ્મીર ખીણના જુદા-જુદા વિસ્તારોમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થતાં પ્રવાસીઓ ઉમટી પડયા છે. સિઝનની પ્રથમ હિમવર્ષા થયા બાદ એકબાજુ ઠંડીમાં વધારો થયો છે.બીજી બાજુ પ્રવાસીઓનો ધસારો પણ વધી ગયો છે. પ્રવાસી રિસોર્ટ હવે હાઉસફુલ બને તેવી શક્યતા દેખાઈ રહી છે. હવામાન ખાતાએ આગાહી કરી છે કે, આગામી છ દિવસ દરમિયાન ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ શકે છે. ગુલમર્ગ સ્કી રિસોર્ટમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ છે. વાતાવરણ વધુ રંગીન બન્યું હોવાનું જાણવા મળ્યુ છે.

હવામાન કચેરીના ડિરેક્ટર સોનમ લોટસે કહ્યું છે કે, આવતીકાલથી ૫ નવેમ્બર સુધી હવામાન સુસ્ક રહેશે. લઘુત્તમ તાપમાન શ્રીનગરમાં આજે ૪.૮ ડિગ્રી રહ્યું હતું. જ્યારે પહેલગામમાં ૧.૪ ડિગ્રી તાપમાન થયું છે. ગુલમર્ગમાં માયનસ ૦.૨ ડિગ્રી તાપમાન થયું છે. કારગીલમાં બે ડિગ્રી તાપમાન થયું છે. જ્યારે લડાખ પ્રદેશના લેહમાં માયનસ ૧.૮ ડિગ્રી તાપમાન થયું છે. લોટસે કહ્યું છે કે, આગામી છ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં વધારો થશે. તાપમાનમાં એકાએક ઘટાડો થતાં તિવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. પહેલગામ અને ગુલમર્ગમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓનો ધસારો સતત જારી રહે છે. શ્રીનગરમાં પણ તાપમાન હવે આદર્શ બન્યું છે.

નેતાઓથી મૌખિક આદેશ નહીં લેવા સુપ્રીમનો આદેશ

નવી દિલ્હી,તા.૩૧

સુપ્રીમ કોર્ટે ટોચના અધિકારીઓ ઉપર રાજકીય દબાણને નોંધપાત્ર રીતે ઘટાડવાની દિશામાં આજે પગલું લીધું હતું અને એક મહત્વપૂર્ણ ચુકાદો આપતાં કહ્યું છે કે, અધિકારીઓને નેતાઓ પાસેથી કોઈપણ મૌખિક આદેશ ન લેવાની સલાહ આપી હતી. સુપ્રીમ કોર્ટની બેંચે મહત્વનું કારણ આપતાં કહ્યું હતું કે, મૌખિક આદેશના મામલામાં જટીલતા રહે છે.સુપ્રીમ કોર્ટે અન્ય કેટલાક મહત્વના કારણો કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો માટે જારી કર્યાં હતાં. અધિકારીઓની નિશ્ચિત કરવામાં આવેલી અવધિ પ્રોફેસનવાદ, અસરકારકતા અને સારી કામગિરીને પ્રોત્સાહન આપશે. અધિકારીઓની નબળી થઈ રહેલી કામગિરી માટે રાજકીય દરમિયાનગિરી જવાબદાર હોવાનું તારણ સુપ્રીમ કોર્ટે આપ્યું હતું. સુપ્રીમ કોર્ટે નાગરીક અધિકારીઓને ફિક્સ્ડ અવધિ આપવા અંગે ત્રણ મહિનાની અંદર એક આદેશ જારી કરવા કેન્દ્ર અને રાજ્ય સરકારને સૂચના આપી હતી. સુપ્રીમ કોર્ટે ફાઈલોના મામલામાં રાજકીય વડાઓના મૌખિક સુચનોના બદલે લેખિતમાં સુચનો લેવા ટોચના અધિકારીઓને સુચના આપી હતી. કારણકે, ચોક્કસ નિર્ણયના મામલામાં નેતાઓ મોડેથી જુદુ વલણ અપનાવે છે. સુપ્રીમ કોર્ટે ઉમેર્યું હતું કે, અધિકારીઓ દ્વારા રાજકીય સુચનો લેખિતમાં લેવાની સ્થિતિમાં પારદર્શકતાને પ્રોત્સાહન મળશે. ઉપરાંત માહિતી પણ સાચી રહેશે. જસ્ટીસ કેએસ રાધાકૃષ્ણનના નેતૃત્વમાં બેંચ દ્વારા આ મુજબનો આદેશ કરાયો હતો. પૂર્વ કેબિનેટ સચિવ ટીએસઆર સુબ્રમણ્યમ દ્વારા દાખલ કરાયેલી અરજીના આધાર ઉપર આ આદેશ કરાયો હતો.

ધવન-રોહિત શર્માની જોડી ૨૦૧૧ બાદ સૌથી સફળ

નાગપુર,તા.૩૧

ટીમ ઈન્ડિયાની ઓપનિંગ જોડી શિખર ધવન અને રોહિત શર્મા પણ વન-ડે ક્રિકેટમાં એક આદર્શ જોડી તરીકે ઊભરી રહી છે. આ બન્ને ખેલાડીઓએ આ વર્ષે ભારતને અનેક મેચો જીતાડવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. શિખર ધવન અને રોહિત શર્માએ આ વર્ષે પાંચ વખતથી વધુ ૧૦૦થી વધુ રનની ભાગીદારી નોંધાવી છે. ૨૦૧૧ બાદ કોઈપણ ઓપનિંગ જોડી વિશ્વમાં શિખર ધવન અને રોહિત શર્મા જેવી સફળતા મેળવી શકી નથી. જે આવનાર સમય માટે ખૂબ સારા સંદેશ તરીકે છે. શિખર ધવન અને રોહિત શર્મા વચ્ચે પારસ્પરિક સમજ ખૂબ જ શાનદાર રહી છે. તેમની શાનદાર ઓપનિંગ જોડીના લીધે મિડલ ઓર્ડરના બેટ્સમેનોને સારી બેટીંગ કરવાની ફરજ પડી છે.

સમાચાર ઝલક

- ♥ ફોર્બ્સની યાદીમાં સોનિયા ગાંધી ત્રીજા નંબરે.
- ♥ વેસ્ટ ઇન્ડિઝ સામે ભારતે ટેસ્ટ ક્રિકેટ ટીમ જાહેર કરી
- ♥ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા ૪-૫ વર્ષમાં તૈયાર થઇ જશે.
- ♥ દેશભરમાં ૧૩૯મી સરદાર પટેલની જયંતિ ધામધૂમથી ઉજવાઇ.
- ♥ મુઝફ્ફરનગરમાં ફરીથી તણાવ, સલામતીનો કડક બંદોબસ્ત, ૪નાં મોત.
- ♥ બ્લાસ્ટ પીડિતોને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી રજી નવેમ્બરે મળશે.
- ♥ પ્રિયદર્શની ઇન્દિરા ગાંધીની ૨૯મી પુણ્યતિથિની શ્રદ્ધાંજલિ દેશભરમાં અપાઇ.
- ♥ લુધિયાણા, નોઇડામાં બનાવટી મીઠાઇનો જંગી જથ્થો પકડયો.
- ♥ નવસારીમાં જિલ્લા શિક્ષણાધિકારી લાંચના છટકામાં સપડાયા.
- ♥ એલિસબ્રીજમાં સસ્તા અનાજની દુકાનો પર પુરવઠા ખાતાનો દરોડો.
- ♥ ટૂંકા ગાળામાં સનદી અધિકારીઓની બદલી રોકવી જોઇએ.
- ♥ મંગળ મિશન પાંચમી નવેમ્બરે ચાલુ થશે.
- ♥ ૧૫મી ડિસેમ્બર સરદાર નિર્વાણ દિનથી લોખંડનું દાન મેળવવાનું શરૂ થશે.
- ♥ કાશ્મીરમાં આતંકવાદીઓ સાથે અથડામણ, લશ્કરની બાજ નજર.
- ♥ પદ્મશ્રી કે.પી.સકસેનાનું લાંબી માંદગી બાદ નિધન.

તમિલ ફિલ્મના નિર્માતા, કલાકારો સામે કાર્યવાહી

ચેન્નઈ,તા.૩૧

આવકવેરા વિભાગના અધિકારીઓએ આજે લોકપ્રિય કોમેડીયન એન સન્થાનામ અને અન્ય કેટલાક અગ્રણી નિર્માતાઓ સહિત કેટલીક ફિલ્મી હસ્તીઓના ઓફિસ અને આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. જેના કારણે ખળભળાટ મચી ગયો હતો. તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કેટલાક અગ્રણી નિર્માતાઓના આવાસ ઉપર દરોડાની કામગિરી આજે હાથ ધરવામાં આવી હતી. આઈટી (તપાસ)ના એડિશનલ ડિરેક્ટર મુરલી મોહને માહિતી આપતા કહ્યું છે કે,આજે સવારમાં દરોડાની કામગિરી શરૂ થઈ હતી. કેટલાક મોટા પ્રોડક્શન હાઉસ દરોડા હેઠળ આવી ગયા હતા. આ પ્રોડક્શન હાઉસ દ્વારા હાલમાં જ કેટલીક મોટી ફિલ્મો રજુ કરવામાં આવી હતી. આઈટીના વરિષ્ઠ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, ફિલ્મ પ્રોડક્શન હાઉસ આઈટી વિભાગ સાથે સંબંધિત ટેક્સની ચુકવણી કરવામાં નિષ્ફળ રહેતા આ કામગિરી હાથ ધરવામાં આવી હતી. સવારે આઠ વાગ્યે દરોડાની કામગિરી હાથ ધરવામાં આવી હતી.

સચિનની અંતિમ બે ટેસ્ટ પર ૧૬૦૦ કરોડનો સટ્ટો

મુંબઇ, તા.૩૧

માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરના અંતિમ બે ટેસ્ટ પર ૧૬૦૦ કરોડનો સટ્ટો હજુ સુધી લાગી ચુક્યો છે અને આ આંકડો ટેસ્ટ મેચ નજીક આવશે ત્યારે ખુબ મોટો થાય તેવી શક્યતા દેખાઇ રહી છે. બન્ને ટેસ્ટ પર ૮૦૦-૮૦૦ કરોડનો દાવ લાગી શકે છે. મોટા સટ્ટા રમવાની શરૂઆત કરી ચુકેલા સટ્ટાબાજો એ માહિતી આપતા કહ્યું છે કે વર્ષ ૨૦૧૧ના વર્લ્ડ કપ ફાઇનલ બાદ આને સૌથી સોટા સટ્ટા તરીકે ગણવામાં આવે છે. માસ્ટર બ્લાસ્ટ બેટ્સમેન સચિનના આ બન્ને ટેસ્ટ દિવાળી બાદ તરત રમાનાર છે. આ ગાળા દરમિયાન ખુબ મોટી માત્રામાં ફ્રી કેશ સટ્ટા માર્કેટમાં આવે તેવી શક્યતા દેખાઇ રહી છે. દિલ્હીના એક સટ્ટાબાજે નામ જાહેર નહી કરવાની શરતે કહ્યું છે કે સચિનની છેલ્લી બે ટેસ્ટ મેચ સટ્ટા માર્કેટ માટે મોટા ઇવેન્ટ તરીકે રહેશે. પટંર અંતિમ વખતે પોતાના પસંદગીના

સ્ટાર ખેલાડીને જોવા માટે અને તેના પર દાવ લગાવવા માટે સજ્જ છે. સચિન પર દાવ આ બાબત પર પણ લઇને લગાવવામાં આવી રહ્યો છે કે તે કોલક્તાના ઐતિહાસિક ઇડન ગાર્ડન પર લાંબી ઇનિંગ્સ રમશે કે કેમ. છઠ્ઠી નવેમ્બરથી કોલક્તામાં વિન્ડીઝ સામે ટેસ્ટ મેચ શરૂ થનાર છે. સચિન તેની કેરિયરની ૧૯૯મી ટેસ્ટ મેચ રમશે. સટ્ટાબાજ અહીં સચિનની સદી પર ૪.૫નો ભાવ આપી રહ્યા છે. તેની ડબલ સદી માટે ૧૧ રૂપિયાનો ભાવ બોલાઇ રહ્યો છે. સચિનની અડધી સદી માટે ૮૦ પૈસાનો ભાવ બોલાઇ રહ્યો છે. મુંબઇ, દિલ્બી અને અમદાવાદના સટ્ટાબાજ હરિયાણાની સામે પણ સટ્ટા રમી ચુક્યા છે. અમદાવાદના એક સટ્ટાબાજે કહ્યું છે કે કોલક્તાના મેદાન પર ૮૦૦૦૦ની ભીડ વચ્ચે વિન્ડીઝ સામે સચિન પાસેથી મોટી ઇનિંગ્સની આશા રાખવામાં આવી રહી છે. જો સચિન બન્ને ઇનિંગ્સમાં કુલ ૨૫ રન બનાવશે તો સટ્ટાબાજ ૧૨ પૈસા આપશે. સટ્ટાબાજ કોલક્તામાં ભારતની જીતને લઇને વિશ્વાસમાં છે.

દેશની સૃષ્ટિ રાણાને મીસ એશિયા પેસિફિકનો તાજ

નવી દિલ્હી,તા. ૩૧

૨૧ વર્ષીય ભારતીય સુન્દરી સૃષ્ટિ રાણાએ દિલધડક, રોમાંચક અને શાનદાર કાર્યક્રમમાં મીસ એશિયા પેસિફિક ૨૦૧૩નો તાજ જીતી લેવા ભારતીય ચાહકોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું હતું. રાણાએ ભારતીય લોકોને ફરી ગર્વ અપાવ્યું છે. રાણાએ કોરિયામાં આયોજિત કાર્યક્રમમાં અન્ય ૪૯ ખુબસુરત પરીઓને પછડાટ આપીને આ તાજ જીતી લીધો હતો. વર્તમાન મીસ એશિયા પેસિફિક વર્લ્ડ ૨૦૧૨ હિમાગ્ની સિંહ યાદુ દ્વારા તેને તાજ પહેરાવવામાં આવ્યો હતો. ગયા વર્ષે પણ આ સ્પર્ધા ભારતે જીતી હતી.

રાણાએ તેના સચોટ જવા મારફતે જ્યુરીને પણ પ્રભાવિત કર્યા હતા. વર્ષ ૨૦૦૦માં ભારત તરફથી દિયા મિર્ઝાએ પણ આ એશિયા પેસિફિકનો તાજ જીત્યો હતો. આ ખાસ સિદ્ધી પર વાત કરતા રાણાએ કહ્યું હતું કે તે ખુબ જ ખુશ છે. તેનુ એક સ્વપ્ન સાકાર થયું છે. ભુતકાળમાં પણ આસ્પર્ધામાં ભારતીય ખુબસુરત પરીઓનુ પ્રભુત્વ રહ્યું છે.દિયા મિર્ઝા અને જિન્નત અમાને પણ મીસ એશિયા પેસિફિકમાં તાજ જીત્યો હતો. ફેશન અને ગ્લેમરની દુનિયાની અનેક સેલિબ્રિટી આ પ્રસંગે હાજર રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મીસ એશિયા પેસિફિક સૌથી જુની સ્પર્ધા ચૈકીની છે. આમાં ભાગ લેવા માટે કેટલીક શરતો હોય છે. જ્યુરીની ખાસ ટીમ દ્વારા આમાં પસંદગી કરવામાં આવે છે.

ભારત તરફથી રાણા આ વખતે આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પહોંચી હતી. રાણાને પહેલાથી જ હોટ ફેવરીટ તરીકે ગણવામાં આવી રહી છે. કારણ કે અન્ય સ્પર્ધાનો કરતા ચાહકોની નજર તેમના પર કેન્દ્રિત હતી. ભારતીય સુન્દરીઓ વિશ્વ ભરમાં જુદી જુદી સૌદર્ય સ્પર્ધમાં હમેંશા છવાતી રહી છે જેથી આવી તમામ સ્પર્ધામાં ભારતીય સુન્દરી પર હમેંશા નજર રહે છે. એશવર્યા રાય, સુષ્મિતા સેન, પ્રિયંકા ચોપડા પણ વિશ્વના મોરચે ભારતને ગર્વ અપાવી ચુકી છે.